જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૭/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૪૧૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઇગ્લીશ દારૂ, ૭૩ બિયર ટીન અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨,૩૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૭/૧૫**

**ચાંદખેડાઃ** રાધાબહેન જગદીશભાઇ વર્મા (ઉ.વ.૪૮)(રહે.તપોવનની ચાલી, ભક્તિનગર વિભાગ-૧, સીટી ગોલ્ડ સીનેમાની સામે, સાબરમતી) તા.૯/૭/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વિસત પેટ્રોલપંપ પાસે આવેલ રોડ પાસે પાળી ઉપર બેઠા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ (૧૯ થી ૨૫ વર્ષનાં આશરાનાં) રાધાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૬,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાધાબહેન વર્માએ તા.૧૨/૭/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**સાબરમતી :** મંજુલાબહેન પ્રકાશભાઇ જૈન (રહે.સનરાઇઝ પાર્ક, ગિરધરનગર) તા.૧૨/૭/૧૫ બપોરના ૨/૩૦ થી ૨/૪૫ વાગ્યા દરમ્યાન સાબરમતી, અમીનગર સોસાયટી મકાન નં.૧ નજીકથી પસાર થતાં હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૨૦ થી ૨૨ વર્ષનાં આશરાનો) મંજુલાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મંજુલાબેહ્ન જૈને સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૧૮/૧૫**

**ઘાટલોડીયા :** લક્ષ્મણભાઇ ધમનદાસ ખાનચંદાણી (ઉ.વ.૭૦)(રહે.રામેશ્વર એપાર્ટમેન્ટ, સોલા રોડ) એ તા.૧૨/૭/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૭/૧૫ બપોરનાં ૪/૦૦ થી તા.૧૧/૭/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લાં ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૧,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૧૯/૧૫**

**રખિયાલ :** રમણભાઇ વજેસિંહ રાજપુત (રહે,અનંત સોસાયટી, ચકુડીયા મહાદેવની પાસે, રખિયાલ) એ તા.૩/૭/૧૫ બપોરના ૩/૩૦ વાગે પોતાના ઘર નજીક પોતાની ટાટા સુમો ગાડી નંબર જીજે.૧.બી.પી.૫૧૯૭ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૪/૭/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રમણભાઇ રાજપુતે તા.૧૨/૭/૧૫ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કાંતીભાઇ પુજાભાઇ ચલાવે છે.

**ઝેરી જીવડુ કરડતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૦/૧૫**

**સાબરમતીઃ** કાનજીભાઈ સાગરભાઈ રબારી (રહે.હિમ્મતલાલની ચાલી રામબાગ રોડ સાબરમતી) ને તા.૧/૭/૧૫ નારોજ બગીચામાં ઝેરી જીવડુ કરડતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૬/૭/૧૫ કલાક ૯/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી,આ અંગેની તપાસ હે.કો.શ્રી રસીકભાઈ વિઠ્ઠલભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)